# ગુજરાત જાહેર સેવા આયોગ

**છ-૩ સર્કલ પાસે, છ રોડ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦**

## અગત્યની જાહેરાત

**(પ્રોસ્થોડોન્ટીક્સ એન્ડ ક્રાઉન એન્ડ બ્રીજ વિષયના મદદનીશ પ્રાધ્યાપક (વર્ગ-૧)**
**જા.ક્ર.: ૧૨૭/૨૦૧૯-૨૦ )**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ડેંટલ પ્રભાગના પ્રોસ્થોડોન્ટીક્સ એન્ડ ક્રાઉન એન્ડ બ્રીજ વિષયના મદદનીશ પ્રાધ્યાપક (વર્ગ-૧) સંવર્ગના વિભાગે અગાઉ મોકલેલ માંગણાપત્રકને આધારે ૦૧ બિન અનામત (General) કેટેગરી અને ૦૧ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) કેટેગરી એમ કુલ ૦૨ જગ્યા માટે આયોગ દ્વારા જા.ક્ર. ૧૨૭/૨૦૧૯-૨૦ પ્રસિધ્ધ કરવામાં આવેલ.જેની પ્રાથમિક કસોટી તા.૨૫.૦૫.૨૦૨૧ ના રોજ યોજનાર છે.

વિભાગ દ્વારા તાજેતરમાં આ સંવર્ગમાં અનુસૂચિત જનજાતિ (ST) કેટેગરીની ૦૧ જગ્યા સીધી ભરતીથી ભરવા માટેનું મોકલેલ માંગણીપત્રક અને સદરહુ જાહેરાત અન્વયે પ્રાથમિક કસોટી યોજવાની હજુ બાકી હોઈ આયોગ દ્વારા આ સંવર્ગની ચાલુ જાહેરાત (જા.ક્ર:૧૨૭/૨૦૧૯-૨૦)ને re-open કરી અનુસૂચિત જનજાતિ (ST) કેટેગરીની ૦૧ જગ્યા માટે આ કેટેગરીના ઉમેદવારોને અરજી કરવાની તક આપવા દેવાનો નિર્ણય કરેલ છે. તદનુસાર આ જાહેરાત **તા.૧૮/૦૩/૨૦૨૧ થી તા.૩૧/૦૩/૨૦૨૧ સુધી ઓનલાઇન re-open** કરવામાં આવનાર છે. સબંધિત ઉમેદવારોએ અરજી કરતા નીચેની બાબતો ધ્યાને લેવાની રહેશે.

1) re-open કરવામાં આવતી આ જાહેરાત અન્વયે નવી ૦૧ જગ્યા માત્ર અનુસૂચિત જનજાતિ (ST) કેટેગરીની ઉમેરાયેલ હોઇ, માત્ર અનુસૂચિત જનજાતિના ઉમેદવારો જ અરજી નોંધાવી શકશે. અન્ય કેટેગરીના ઉમેદવારો આ re-open થતી જાહેરાત અન્વયે ઉમેદવારી નોંધાવી શકશે નહિ. એટલે કે જે અનુસૂચિત જનજાતિના ઉમેદવારોએ મૂળ જાહેરાત અન્વયે ઉમેદવારી નોંધાવેલ નથી/નોંધાવવાની રહી ગયેલ છે, તેઓ અનુસૂચિત જનજાતિ કેટગરી હેઠળ ઉમેદવારી નોંધાવી શકશે.

2) જો અનુસૂચિત જનજાતિના કોઇ ઉમેદવારે મૂળ જાહેરાતમાં બિન-અનામત કેટેગરી હેઠળ ઉમેદવારી નોંધાવી હોય અને જો તેઓ re-open થતી જાહેરાત અન્વયે હવે ‘અનુસૂચિત જનજાતિ’ કેટેગરીની ૦૧ જગ્યા હેઠળ અરજી કરવા માંગતા હોય, તો તેઓ ‘અનુસૂચિત જનજાતિ’ કેટેગરી હેઠળ નવેસરથી અરજી કરી શકશે. તદનુસાર તેઓની મૂળ જાહેરાત અન્વયેની બિન-અનામત કેટેગરી હેઠળની અગાઉ કરેલ અરજી રદ્દ ગણવામાં આવશે.

3) ઉક્ત મૂળ જાહેરાતની તમામ જોગવાઈઓ યથાવત રહેશે. એટલે કે re-open કરાયેલ જાહેરાતમાં અનુસૂચિત જનજાતિ (ST) કેટેગરીના ઉમેદવાર દ્વારા કરાયેલ અરજી અનુસંધાને ઉમેદવાર વયમર્યાદા, શૈક્ષણિક લાયકાત, અનુભવ અને અન્ય લાયકાતો વગેરે મૂળ જાહેરાતની છેલ્લી તારીખ: ૧૦.૦૧.૨૦૨૦ સુધીમાં ધરાવતા હોવા જોઈશે. જાતિ પ્રમાણપત્રો સહિત અન્ય તમામ પ્રમાણપત્રોની ચકાસણી પણ મૂળ જાહેરાતની છેલ્લી તારીખ: ૧૦.૦૧.૨૦૨૦ ને ધ્યાને લઈ કરવામાં આવશે.

4) સબંધિત ઉમેદવારોએ મુળ જાહેરાતની જોગવાઇઓ (https://gpsc.gujarat.gov.in/AdvertisementDetail?no=605&tab=Advertisement) જોઇ લેવાની રહેશે.

5) આ જાહેરાતની અદ્યતન સ્થિતિ નીચે મુજબ રહેશે. અર્થાત નીચેના કોષ્ટક મુજબની જગ્યાઓ માટે હવે ભરતી પ્રક્રિયા હાથ ધરાશે જેની સબંધિત ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી છે.

| **જાહેરાત ક્રમાંક** | **વિષયનું નામ** | **દર્શાવેલ કુલ જગ્યાઓ** | **દર્શાવેલ કક્ષાવાર જગ્યાઓ** | | | | | **દર્શાવેલ જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ** | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **1** | **2** | **3** | 4 | | | | | 5 | | | | |
| | | | સામાન્ય | EWS | સા.શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સામાન્ય | EWS | સા.શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ |
| ૧૨૭/૨૦૧૯-૨૦ | પ્રોસ્થોડોન્ટીક્સ એન્ડ ક્રાઉન એન્ડ બ્રીજ વિષયના મદદનીશ પ્રાધ્યાપક (વર્ગ-૧) | **3** | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

-sd-

સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

તા.૧૭/૩/૨૦૨૧